વેપારીઓને ખાસ ઉપયોગી.

પૈસા કમાવાના ઉત્તમ સંજોગો બતાવનાર.

ચૈત્રી સંવત

૧૯૭૫ ની સાલનો

વર્તારો.

વર્ષ ૮ મું.

રચનાર,

ભીખાલાલ સોમચંદ શાહ.

વઢવાણ સીટી.

પ્રસિદ્ધ કરનાર,

ભીખાલાલ સોમચંદ શાહ.

વઢવાણ સીટી.

અમદાવાદ.

પીરમશાહ રોડ ઉપર નિર્મળ પ્રીન્ટીંગ પ્રેસમાં

લલ્લુભાઈ ઈશ્વરભાઈ ત્રિવેદીએ છાપ્યું.

સંવત ૧૯૭૪. પ્રત ૫૦૦ સને ૧૯૧૮.

કીં રૂ. ૧—૦—૦.

ગ્રાહકો પ્રત્યે બે બોલ.

આ વર્ત્તારો કાઢવાનો અમારો પ્રયાસ આઠ વરસથી ચાલુ છે. ગઇ સાલમાં અમારા લખવા મુજબ રૂઈ, ચાંદી, કાપડ, અનાજ, રસ, કસ વીગેરે ચીજોમાં ઘણી તેજી થવાથી આ વરસના વર્ત્તારા માટે ગ્રાહકો તરફથી ઘણી માગણી થઇ હતી. પણ કેટલાક જરુરી કારણુસર આ વરસમાં વિક્રમ સંવતનો વર્ત્તારાના બદલે ચૈત્રી સંવતનો વર્ત્તારો બહાર પાડયો છે.

નવું વરસ કેવું નિવડશે ? વરસાદ, ખેતી, નીપજ કેવા થશે. નવા વરસમાં કઇ કઇ ચીજોમાં ક્યારે અને કેટલી તેજી યા મંદી થશે. તે જાણવા દરેક મનુષ્ય ઇન્તેજાર રહે છે. અને તે માટેજ પૂર્વેના મહાન આચાર્યોએ જ્યોતિષ શાસ્ત્રની રચના કરી ભવિષ્યની પ્રજા ઉપર મહાન ઉપકાર કર્યો છે તે જ્યોતિષ શાસ્ત્ર આજે મહાન દીપક સમાન કામ કરે છે જ્યોતિષ શાસ્ત્રનો જાણકાર, સમજનાર, ચારે બાજુ તપાસી કામ કરનાર માણસને જ્યોતિષ શાસ્ત્ર એજ રત્ન ચિંતામણી છે.

પ્રાચીન જ્યોતિષ શાસ્ત્રો મહાન મુશીબતે મેળવી. ગુરૂગમથી શીખી, સમજી, અનુભવ કરી અમારા તરફથી આઠ વરસથી આ વર્તારો બહાર પડે છે. તેમજ ત્રણ વરસથી વહેપારની મુખ્ય પંદર ચીજોની રોજેરોજની તેજી, મંદી જણાવનાર તેજી, મંદી પંચાંગ પણ બહાર પડે છે. જેની ફી. ફક્ત એક રૂપીઓ છે. તથા વહેપારીઓને હમેશ કાયમના માટે ખાસ ઉપયોગી અને હજારો રૂપીઆ કમાવનાર ભવિષ્ય દીપક "ભવિષ્ય દર્પણ" "ભવિષ્ય દર્શક" એ ત્રણ ગ્રંથો બહાર પાડેલા છે. જેના માટે દરેક ખરીદનાર મુક્ત કંઠે પ્રસંસા કરે છે. તે ગ્રંથોની ઘણા સુધારા વધારા સાથની બીજી આવૃત્તી બહાર પાડવાનો શુભ પ્રસંગ નજીકમાં આવે છે એ તેની ઉપયોગીતા સાબીત કરે છે.

એક પરમ કૃપાળુ મહાત્મા પાસેથી મળેલા જુના ગ્રંથોમાંથી ભવિષ્ય વાદી, ભવિષ્ય પ્રકાશ, અને ભવિષ્ય વિચાર એ ત્રણ ગ્રંથો લગભગ તૈયાર થયા છે. આ ગ્રંથો વેપારીઓને અતિ ઉપયોગી છે. અગાઉથી ગ્રાહક થઇ નામ નોંધાવનારને રૂ. ૨) માં આપવામાં આવશે પાછળથી રૂ. ૩) પડશે.

શ્રીમદ્ નાગાર્જુન આચાર્યનો બનાવેલ એક વૈદકનો ચમત્કારી ગ્રંથ પ્રાપ્ત થયો છે તે અનુભવ સિદ્ધ વનસ્પતિના ચમત્કારનો ભંડાર છે, તેમાં ૧૦૮ રોગોની એવી તો ચમત્કારી દવાઓ જણાવેલ છે કે રોગને ફક્ત ત્રણ દીવસમાં મટાડી શકે છે અને દી. ૧૫ માં રોગને જડમુળથી નાશ કરે છે, દવાઓ પ્રસિદ્ધીમાં મુકવાની તૈયારી છે, વાંચનારાઓને ખાસ ભલામણ કરીએ છીએ કે કોઇ પણ માણસ કોઇ પણ રોગથી રીબાતો હોય તો તેને રોગની વીગત સાથે અમોને લખવા તેમને ભલામણ કરવાનો ઉપકાર કરવા ભુલવું નહી.

લી. પ્રસિદ્ધ કર્ત્તા.

શ્રી પરમાત્મા નમઃ

ચૈત્રી સંવત ૧૯૭૫ ની સાલનો વર્તારો.

વરસ ફળ.

નવું વરસ અતિ મોંઘવારીનું છે. અનાજ તથા ઘાસનો સંગ્રહ કરનાર સુખી થાશે, અને લાભ મેળવશે. વરસ બેસતાંજ રોગની શાંન્તી થશે. યુરોપમાં ભયંકર યુદ્ધ થશે, અને આ વરસમાંજ મહા-યુદ્ધની શાંન્તી સમાધિ થશે. વરસાદ કોઈ દેશમાં વધારે અને કોઇ દેશમાં થોડો એમ કર્માધર્મી થશે. સમય આકરો વરતાશે. એકંદર વરસ સાધારણ સારૂં નીવડસે. અનાજની ખેતી કરનારને આ વરસમાં સારો ચાન્સ મળશે. પાક સારો ઉતરશે. આ વરસમાં અવનવા બનાવો બનશે. વેપારીઓએ સાવધાન રહેવું. સમય પ્રમાણે વર્તન રાખનાર સુખી થશે.

ચૈતર માસ.

માસ ફળ—અનાજનો સંગ્રહ કરો. તે આસો કે કારતક માસમાં વેચવાથી લાભ મળશે. ઘીઇના ભાવ તેજી થશે. વેચવાથી લાભ થશે. રૂઉ, ચાંદીમાં વધાઘટી થાય. સુદીમાં રૂઉના ભાવ ઘટે તો વદમાં રૂઉના ભાવ વધે.

ચઇતર સુદ ૧ શુકરવાર તા. ૧૨–૪–૧૮.

આ માસમાં દરેક વસ્તુની તેજી હોય. રૂઉમાં વધાઘટી થઇ ટકા ૨૫–૩૦ ની તેજી થાય. ચાંદીમાં ટકા ૧–૨ ની મંદી થઇ તેજી હોય ઉનમાં ટકા ૧૫–૨૦ ની મંદી હોય. ચણા, અડદ, તલના ભાવ વધે. એરંડાના ભાવમાં મંદી થાય. રૂઉ અને ઘીઇના ભાવ વધે.

ચઇતર શુદ ૩ શનીવાર તા. ૧૨–૪–૧૮.

દી. ૬ માં ચાંદીમાં તેજી, રૂઉમાં તેજી, સઘળી જાતનું અનાજ,

તેલ, તલ, ઘી, ખાંડ અને મીઠો રસ મોંઘા થાય. ઘઉં, ચણાના ભાવ તેજી થાય.

ચઇતર સુદ ૫ સોમવાર તા. ૧૫-૪-૧૮.

રૂઉમાં મંદીવાળાની ધમાલ. ચાંદીમાં ફેરફાર-તેલ, મધ અને બીજા અર્કમાં તેજી હોય. દી. ૩ માં કે પછી રૂઉ, અફીણમાં મંદી થાય.

ચઇતર સુદ ૬ મંગળવાર તા. ૧૬-૪-૧૮.

ગોળ, ઘઉં વીગેરે રાતી વસ્તુ મોંઘી થાય. અળશી, સરસવ, એરંડીમાં તેજી થાય.

ચઇતર સુદ ૮ ગુરૂવાર તા. ૧૮-૪-૧૮.

દીવસ ૨૪ માં ગોળ, ખાંડ, સાકર વીગેરે રસમાં તેજી થ રૂઉમાં પહેલા તેજી થઈ મંદી થાય. ચાંદીમાં તેજી થાય. ઘઉં, જીવ આદિના ભાવમાં મંદી થાય.

ચઇતર સુદ ૧૧ રવીવાર તા. ૨૧-૪-૧૮.

દી. ૧૫ માં રૂઉ માં ટકા ૧૦-૧૫ ની પહેલા તેજી થઈ મંદી થાય. અફીણમાં મંદી થઇ તેજી થાય. દી. ૧૫ માં જે જે ચીજોના ભાવો વધે તે વેચવામાં અને જે ચીજોના ભાવો ઘટે તે લેવામાં લાભ મળે.

ચઇતર સુદ ૧૨ સોમવાર તા. ૨૨-૪-૧૮.

ચાંદીમાં મંદી અને રૂઉમાં દી. ૩ મંદી થઇ તેજી થાય. અનાજનો સંગ્રહ કરવો. ભાવ મંદી થાય.

ચઇતર સુદ ૧૫ શુકરવાર તા. ૨૬-૪-૧૮.

મીલોના શેરોના ભાવ વધે. રૂઉમાં મંદી થાય. સરવે વસ્તુના ભાવ વધે. ચાંદીમાં તેજી થાય.

ચઇતર વદ ૩ સોમવાર તા. ૨૯-૪-૧૮.

રૂઉમાં તેજી થાય.

ચઇતર વદ ૧૧ સોમવાર તા. ૬-૫-૧૮.

મગ, મઠ, બાજરાના ભાવ વધે. દરેક અનાજ તલ, તેલના

ભાવ વધે. રૂઉમાં મંદી થઇ તેજી થાય. ચાંદીમાં વધાઘટી થઇ તેજી થાય. અફીણમાં મંદી થઇ તેજી થાય.

ચઇતર વદ ૧૨ મંગળવાર તા. ૭-૫-૧૮.

આ માસમાં રૂઉ અને ઘી તથા રસકસના ભાવ મોંઘા હોય.

વૈશાખ માસ.

માસફળ—અફીણમાં મોટી તેજી થાય. ચાંદીના ભાવમાં ફાર-ફેર થાય. અનાજમાં તેજી થાય. આ માસ કઠણ છે. મુસલમાન જોર ઉપર આવશે. પશુને પીડાકારી બાજરી, ઘી, તેલ, કપાસ મોંઘા હોય.

વૈશાખ સુદ ૧ શનીવાર તા. ૧૧-૫-૧૮.

અનાજ તથા ચાંદી, રૂઉમાં તેજી હોય. સફેદ વસ્તુના ભાવ વધે. ઘઉં, ગોળ, ખાંડ, સાકર, વીગેરે ચીજોમાં મંદી થાય. મીલોના શેરોમાં વધાઘટી થઇ તેજી થાય. દા. ૧૦ માં રૂઉમાં ટકા ૨૫, તેજી હોય.

વૈશાખ સુદ ૪ મંગળવાર તા. ૧૪-૫-૧૮.

અસાડ, શ્રાવણ માસમાં અનાજના ભાવ તેજી હોય. રાતી વસ્તુ મોંઘી થાય. ઘઉં, જુવાર, સોંઘા. બીજું અનાજ મોંઘુ થાય. રસ-કસ, મોંઘા થાય.

વૈશાખ સુદ ૫ બુધવાર તા. ૧૫-૫-૧૮.

ગોળ, ઘી, તેલ, એરંડા, સરસવ, સોનું, ચાંદી, ત્રાંબુ, પીતળ, રૂઉ, કપાસ, સુતરના ભાવ તેજી હોય.

વૈશાખ સુદ ૧૩ ગુરૂવાર તા. ૨૩-૫-૧૮.

ચણા અને મેથીના ભાવ મોંઘા થાય. અળશીમાં વધાઘટી થાય.

વૈશાખ સુદ ૧૫ શનીવાર તા. ૨૫-૫-૧૮.

રૂઉમાં એક માસ સુધી મંદીનો જોગ છે. ચાંદીમાં તેજી થાય. અળશી, સરસવ, એરંડા, ઘઉં, સીંગદાણા વીગેરે બીયા ખરીદ કરવાથી લાભ થાય. ઊનમાં ટકા ૧૦) ની તેજી હોય.

વૈશાખ વદ ૫ ગુરૂવાર તા. ૩૦-૫-૧૮.

જુવાર, બાજરી, આદિ અનાજ મોંઘુ થાય. લાભ વસ્તુ મોંઘી

થાય. પાછળનો વરસાદ થાય. ઘી, તેલ, ગોળ, સાકર, ખાંડ વીગેરે રસ, કસમાં તેજી હોય.

યુરોપના યુદ્ધમાં મહાન ફતેહ મળે. ધોળી વસ્તુ મોંઘી થાય. માગસર માસમાં ખરીદેલી વસ્તુઓ આ માસમાં વેચવાથી લાભ થાય.

વૈશાખ વદ ૮ રવીવાર તા. ૨–૬–૧૮.

રૂઉમાં ટકા ૨૫) ની વધાઘટી થઇ તેજી થાય. એક માસમાં ધાન્ય, ચંદન, કપાસ, સુતર, ચાંદી, અળશીમાં વધાઘટી થઇ તેજી હોય.

વૈશાખ વદ ૧૦ મંગળવાર તા. ૪–૬–૧૮

ગોળમાં ટકા ૦ાા ની તેજી થાય. દા. ૩ માં રૂઉના ભાવ કાંઇક ઘટે. અફીણમાં ટકા ૫૦) ૧૦૦) ની તેજી થાય. ઘાસના ભાવ મંદા હોય. ખરીદ કરી લેવી.

વૈશાખ વદ ૧૨ ગુરૂવાર તા. ૬–૬–૧૮.

ચાંદીમાં તેજી અને રૂઉમાં મંદી હોય. મગ, અડદ, ચણા, કળથી વીગેરે કઠોળ તથા સરસવના ભાવ તેજી હોય.

વૈશાખ વદ ૧૪ શુક્રવાર તા. ૭–૬–૧૮.

ફાગણ માસમાં ધાન્ય અને રંગીન કાપડ સંગ્રહ કરવાથી સારો લાભ મળે. સફેદ વસ્ત્ર, કપુર, ચંદન, મજીઠ, નાળીએર, સોપારી, પાંચ મહીના સુધી સસ્તાં થાય. ચાંદી અળસીમાં વધાઘટી થાય. દી. ૩ પહેલા કે પછીમાં રૂઉમાં ટકા ૧૫) તેજી હોય.

વૈશાખ વદ ૦)) શનીવાર તા. ૮–૬–૧૮.

રૂઉ, ચાંદીમાં બે માસમાં મોટી વધાઘટી થાશે.

જેઠ માસ.

માસફળ—આ માસમાં વહેપારની ઘણી વસ્તુઓમાં મોટા ફેરફાર થશે. ચાંદીના ભાવમાં ફેરફાર થશે. માસ કઠણ છે. રોગની ઉત્પત્તિ હોય. અનાજ મોંઘા જેઠ વદમાં વરસાદ થાય.

જેઠ સુદ ૧ રવીવાર તા. ૯–૬–૧૮.

ચાંદીમાં મંદી થાશે. અનાજના ભાવ વધશે. પવન ઘણો થાય.

જેઠ સુદ ૨ સોમવાર તા. ૧૦–૬–૧૮.

દી. ૧૫ માં અફીણમાં ટકા ૧૦૦) ની રૂઉમાં ટકા ૨૦) ની ચાંદીમાં ટકા ૧–૨ ની વધાઘટી હોય. મગ, મઠ, ચણા વીગેરે કઠોળમાં તથા અળશી, સરસવ, એરંડા, તેલ વીગેરે બીઆમાં તેજી હોય. અનાજના ભાવ તેજી થઇને ઘટે.

જેઠ સુદ ૩ મંગળવાર તા. ૧૧–૬–૧૮.

એક માસમાં રૂઉ, ચાંદીમાં વધાઘટી ચાલે. પહેલા તેજી વચ્ચે મંદી થઇ પાછી તેજી થાય.

જેઠ સુદ ૪ બુધવાર તા. ૧૨–૬–૧૮.

લાલ વસ્ત્ર, લાલ ચીજો, તથા સુખડ મોંઘી થાય. રૂઉના ભાવ વધે. અનાજ એક માસમાં વેચવાથી લાભ થાય. રૂઉ, સુતર, કાપડ, કપાસ, શણ, રેશમ, ગોળ, ખાંડ, તલ, તેલ, ધાન્ય, ગુવાર, જુવાર, બાજરી એ સરવેના ભાવ વધે.

જેઠ સુદ ૮ રવીવાર તા. ૧૬–૬–૧૮.

ચાંદીના ભાવ ઘટે. દી. ૩ માં રૂઉમાં મંદી થાય. અનાજ ને ઘીમાં તેજી થાય.

જેઠ સુદ ૧૦ બુધવાર તા. ૧૯–૬–૧૮.

રૂઉ અને સોનામાં તેજી અને ચાંદીમાં મંદી થાય.

જેઠ સુદ ૧૫ સોમવાર તા. ૨૪–૬–૧૮.

વરસ સારૂં હોય. જેઠ વદમાં ચાંદીમાં તેજી થાય. અને અનાજના ભાવ તેજી થાય.

જેઠ વદ ૫ શનીવાર તા. ૨૯–૬–૧૮.

ચાંદીમાં તેજી અને રૂઉમાં મંદી હોય. અનાજમાં થોડી મંદી થાય.

જેઠ વદ ૧૦ બુધવાર તા. ૩–૭–૧૮.

અનાજના ભાવ મંદી થાય. વરસાદ થાય. ચોખા કપાસીઆના ભાવ મંદી થાય. એરંડાના ભાવ વધે. રૂઉમાં ટકા ૨૦)ની મંદી થાય.

જેઠ વદ ૧૨ શુક્રવાર તા. ૫–૭–૧૮.

દી. ૧૫ માં મગ, મઠ, એરંડા, હરડે, ગળીમાં તેજી થાય.

જેઠ વદ ૦)) સોમવાર તા. ૮–૭–૧૮.

દી. ૧૫ પહેલાના અને દી. ૧૫ પછીના એ પ્રમાણેના એક માસમાં ચાંદીમાં ટકા ૨–૩ ની રૂઉમાં ટકા ૩૦) ની વધાઘટી અગર મંદી થાય. રૂઉ, ચાંદી, અળસી, સરસવ, એરંડા અને કપાશીઆમાં ફેરફાર થાય. જે જે ચીજોના ભાવો વધે તે વેચવામાં અને જે જે ચીજોના ભાવ ઘટે તે લેવામાં બીજે માસે લાભ થાય.

અસાડ માસ.

માસફળ—માસ કઠણુ છે. વરસાદની રાહ જોવરાવે. પીળી વસ્તુ મોંઘી મગ, લીલુ કાપડ મોંઘુ. અફીણમાં તેજી અને રૂઉ, ચાંદીમાં મોટી વધાઘટી હોય.

અસાડ સુદ ૧ મંગળવાર તા. ૯–૭–૧૮.

અફીણમાં ટકા ૨૫) મંદી થાય. દી. ૨૫ માં રૂઉમાં તેજી થાય. ચાંદીમાં વધઘટ રૂપે મોટી મંદી થાય. અનાજના ભાવ મધ્યમ ખટાસ વાળા પદાર્થો તેજી થાય.

અસાડ સુદ ૨ બુધવાર તા. ૧૦–૭–૧૮.

ઘીના ભાવ વધે.

અસાડ સુદ ૬ રવીવાર તા. ૧૪–૭–૧૮.

અનાજ અને ધોળી જણસો ઘી, ચોખા, કપાસ, સુતર આદિ દી. ૧૫ માં મોંઘા થાય. શ્રાવણ માસમાં અનાજ ઘણું મોંઘુ થાશે.

ચાંદી, કપાસ, ધાન્ય, ઘી, તેલ, ગોળ, ખાંડ, સાકર, એરંડા, સરસવ, અળશી, ઘઉંમાં તેજી થાય. રૂઉ, ચાંદી, અળસીમાં વધાઘટી થઇને બહુ તેજી થાય.

અસાડ સુદ ૮ મંગળવાર તા. ૧૬–૭–૧૮.

અનાજ રસ, કસ, ઘી, તેલ, ખાંડ, દુધ મોંઘા થાય. રાતી વસ્તુ મોંઘી થાય.

અસાડ સુદ ૯ બુધવાર તા. ૧૭-૭-૧૮.

કપાસ, કંદમૂળ, તલ દરેક અનાજ મોંઘુ થાય. જવ ઘઉં મોંઘા થાય.

અસાડ સુદ ૧૩ રવીવાર તા. ૨૧-૭-૧૮.

રૂઉના ભાવ તેજી થાય.

અસાડ સુદ ૧૫ મંગળવાર તા. ૨૩-૭-૧૮.

ઘી, તેલ, મજીઠ, અને સરવે કરીયાણા મોંઘા થાય. અસાડ વદમાં ચાંદીમાં તેજી થાય.

અસાડ વદ ૨ ગુરૂવાર તા. ૨૫-૭-૧૮.

રૂઉમાં પહેલી તેજી થઇ મંદી થાય. દી. ૮ માં અફીણમાં ટકા ૫૦-૧૦૦ ની મંદી થાય.

અસાડ વદ ૮ બુધવાર તા. ૩૧-૭-૧૮.

ચાંદીમાં તેજી અને રૂઉમાં મંદી થાય.

અસાડ વદ ૧૪ સોમવાર તા. ૫-૮-૧૮.

બધુ અનાજ મોંઘુ થાય, અડદ, મગ, સુતર ને કપાસ બહુ મોંઘા થાય.

અસાડ વદ ૦)) મંગળવાર તા. ૬-૮-૧૮.

ધાન્યના ભાવ તેજી થાય. ચાંદીમાં ટકા ૩-૪ ની ઉલટ પાલટ થાય.

અસાડ વદ ૧૧ શુકરવાર તા. ૨-૮-૧૮.

ઘીના ભાવ ઘટે, રૂઉમાં ટકા ૪૦) ની તેજી થાય, એરંડાના ભાવ વધે, ચોખા, ઘઉં, ગોળ, સાકર, ઘી, તેલ, ચણા, અડદ ને મરચાના ભાવમાં તેજી થાય.

શ્રાવણ માસ.

માસ ફળ—આ માસમાં ચાંદીમાં ટકા ૨-૩ ની તેજી યા મંદી થાય તેજી, મંદી લગાડનારને લાભ મળે. મીલોના શેરના ભાવ વધે. રૂઉમાં મંદી થાય. આ માસ વેપારી છે. કાપડ અને ચોપડ મોંઘું. વરસાદ થોડો છે. તેલ, મગ, મોંઘા મેવાડીને ભય છે.

શ્રાવણ સુદ ૧ બુધવાર તા. ૭–૮–૧૮.

ચાંદીમાં મંદી થાય. અને ઘીમાં તેજી થાય. દી. ૨૦ માં ચાંદીમાં ટકા ૧–૨ ની મંદી થાય. અફીણમાં ટકા ૧૦૦) ની વધાઘટી થાય.

શ્રાવણ સુદ ૨ ગુરૂવાર તા. ૮–૮–૧૮.

એક માસમાં અફીણમાં ટકા ૧૦૦) ની તેજી થાય. રૂઉમાં વધાઘટી થઇને તેજી થાય. સ્વાદીષ્ટ વસ્તુની ખપતી હોય. ઉનમાં ટકા ૧૫–૨૦ મંદી થાય. ચણા, અડદ, તલ, મગ, સરસવના ભાવ તેજી થાય.

શ્રાવણ શુદ ૪ સનીવાર તા. ૧૦–૮–૧૮.

ચાંદીમાં મંદી થાય અને રૂઉમાં મંદી થાય.

શ્રાવણ સુદ ૫ સોમવાર તા. ૧૨–૮–૧૮.

રૂઉના ભાવ વધે.

શ્રાવણ સુદ ૬ મંગળવાર તા. ૧૩–૮–૧૮.

ગોળ, ઘઉં વીગેરે રાતી વસ્તુઓ મોંઘી થાય. અળશીમાં તેજી હોય. રૂઉમાં પહેલાં તેજી થઇને મંદી થાય. ચાંદીમાં મંદી થઇને તેજી થાય. ઘઉં, જવ, આદિ અનાજના ભાવ મંદો થાય. ઘી, ગોળ, ખાંડ, વીગેરે રસમાં તેજી થાય.

શ્રાવણ સુદ ૯ શુક્રરવાર તા. ૧૬–૮–૧૮.

અનાજ તથા કાપડના ભાવ સમ રહે. ગોળ, ખાંડ, તલ, તેલ, મોંઘા વેચાય.

શ્રાવણ શુદ ૧૦ શનીવાર તા. ૧૭–૮–૧૮.

દી. ૧૫ માં રૂઉમાં ટકા ૧૫–૨૦ ની તેજી થઇ મંદી થાય. દી. ૧૫ માં જે જે ચીજોના ભાવ વધે તે વેચવામાં અને જે ચીજોના ભાવ ઘટે તે લેવામાં આગળ ઉપર સારો લાભ થાય.

શ્રાવણ સુદ ૧૧ રવીવાર તા. ૧૮–૮–૧૮.

રૂઉમાં તેજી થાય.

શ્રાવણ સુદ ૧૫ ગુરૂવાર તા. ૨૨–૮–૧૮.

સરવે વસ્તુના ભાવ ઘટે. વરસાદ સારો થાય. ચાંદીમાં શ્રાવણ વદમાં તેજી થાય.

શ્રાવણ વદ ૪ રવીવાર તા. ૨૫–૮–૧૮.

રૂઉના ભાવ થોડા ઘટે.

શ્રાવણ વદ ૭ બુધવાર તા. ૨૮–૮–૧૮.

અનાજના ભાવ સાધારણ રહે. ગોળ, તેલ, મોંઘા થાય. માળવા દેશમાં નુકસાન થાય.

શ્રાવણ વદ ૯ શુક્રવાર તા. ૩૦–૮–૧૭.

એક માસમાં ચાંદી અને અફીણમાં વધાઘટી થાય.

શ્રાવણ વદ ૧૦ શનીવાર તા. ૩૧–૮–૧૮.

દી. ૮ માં રૂઉમાં ટકા ૧૦–૧૫ મંદા હોય. અફીણમાં ટકા ૫૦) તેજી થાય.

શ્રાવણ વદ ૧૨ સોમવાર તા. ૨–૯–૧૮.

રૂઉમાં મંદી થઇ. પછી ટકા ૧૦ ની તેજી થાય. ચાંદીમાં વધાઘટી થઇ તેજી થાય. અફીણમાં મંદી થઇ તેજી થાય.

શ્રાવણ વદ ૦)) ગુરૂવાર તા. ૫–૯–૧૮.

દી. ૧૦ માં રૂઉમાં થોડી મંદી થાય. સોનું અને દરેક જાતનું અનાજ મોંઘું થાય. લાલ રંગના પશુઓને મહા દુઃખ હોય.

ભાદરવો માસ.

માસફળ—ચાંદીમાં ટકા ૨–૩ ની તથા રૂઉ, અળશી, અને શેરાના ભાવમાં વધાઘટી થાય. જે ચીજોના ભાવો વધેલા હોય તેમાં મંદી થાય અને જે ચીજોના ભાવ ઘટેલા હોય તેમાં તેજી થાય.

ભાદરવા સુદ ૧ શુક્રવાર તા. ૬–૯–૧૮.

એક માસમાં અફીણમાં ટકા ૧૦૦) ની તેજી થાય. રૂઉમાં વધાઘટી થઇ તેજી હોય સ્વાદીષ્ટ વસ્તુની ખપતી હોય. ચાંદીમાં ટકા

૨–૩ ની તેજી થાય. ઊનમાં ટકા ૧૫–૨૦ મંદા હોય. ચણા, અડદ, તલના ભાવ તેજી થાય.

ભાદરવા સુદ ૬ બુધવાર તા. ૧૧–૯–૧૮.

ઘઉં, ચોખા, અડદ, મગ વીગેરે અનાજના ભાવ વધે.

ભાદરવા સુદ ૮ શુક્રવાર તા. ૧૩–૯–૧૮.

દી. ૧૫ માં જુવાર અને કપાશીઆના ભાવમાં તેજી થાય.

ભાદરવા સુદ ૧૦ રવીવાર તા. ૧૫–૯–૧૮.

સુદમાં રૂઉ અને ઘીઇના ભાવ વધે.

ભાદરવા સુદ ૧૧ સોમવાર તા. ૧૬–૯–૧૮.

ઘી, તેલ, કપાસ, ધાન્ય, સુતર સસ્તા થાય.

ભાદરવા સુદ ૧૩ બુધવાર તા. ૧૮–૯–૧૮.

દરેક ચીજો મોંઘી થાય. એરંડામાં વીશેષ વધઘટ થાય.

ભાદરવા સુદ ૧૫ શુક્રવાર તા. ૨૦–૯–૧૮.

મીસ્રોના શેરોના ભાવ વધે. ધાન્યાદિ તેજી રૂઉમાં મંદી થાય. ઘી સોંઘું થાય. તલ. તેલ, એરંડી, અળશીમાં તેજી હોય.

ભાદરવા વદ ૨ રવીવાર તા. ૨૨–૯–૧૮.

રૂઉમાં થોડી તેજી અને અળશીમાં તેજી હોય.

ભાદરવા વદ ૪ મંગળવાર તા. ૨૪–૯–૧૮.

ચાંદીમાં તેજી અને રૂઉમાં થોડી મંદી હોય.

ભાદરવા વદ ૭ ગુરૂવાર તા. ૨૬–૯–૧૮.

રૂઉમાં ટકા ૧૦) ની તેજી થાય. રૂઉનો વહેપાર એક માસ આકરી સરતનો કરવો.

ભાદરવા વદ ૧૦ રવીવાર તા. ૨૯–૯–૧૮.

એક માસમાં અફીણમાં ટકા ૫૦) ની તેજી થાય. અનાજ મોંઘુ રૂઉમાં મંદી થાય. ઘાસના ભાવ તેજી થાય. સોનું અને ખાંડ મોંઘી થાય. ચોખા, તુવેર, ચણા, મઠ વીગેરે અનાજમાં તેજી થાય. રૂઉ, ગોળ, ખાંડ, સાકરમાં ઘણી તેજી હોય.

ભાદરવા વદ ૦)) શુક્રવાર તા. ૪-૧૦-૧૮.

ચાંદીમાં મંદી અને રૂઉમાં તેજી થાય. આ માસમાં રૂઉના ભાવ ઘટે અને આવતા માસમાં રૂઉના ભાવ વધે. રૂઉમાં ટકા ૨૫-૩૦ની ચાંદીમાં ટકા ૧-૨ ની વધાઘટી ચાલે. પહેલા તેજી વચ્ચે મંદી થઇને પાછી તેજી થાય છે. આવતા પક્ષમાં રૂઉની તેજી થાય. તલમાં તેજી થાય. અળશી, મગ, ધઉંમાં મંદી હોય.

આસો માસ.

માસ ફળ.—અનાજ, અફીણ, રૂઉ અને રાતી વસ્તુઓમાં તેજી હોય. ચાંદીમાં મંદી થાય.

આસો સુદ ૧ રવીવાર તા. ૬-૧૦-૧૮.

દી. ૧૫ માં સરવે વસ્તુની મંદી થાય. રૂઉમાં વધાઘટી થઇને તેજી થાય. સુતરના ભાવ વધે. રૂઉ, અળસીમાં મંદી હોય.

આસો સુદ ૫ ગુરૂવાર તા. ૧૦-૧૦-૧૮,

દી. ૧૦ માં નાળીએર અને તલમાં તેજી થાય. અનાજમાં તેજી હોય.

આસો શુદ ૬ શુક્રવાર તા. ૧૧-૧૦-૧૮.

સરવે જણસો માસ ૧ મોંઘી હોય.

આસો શુદ ૮ રવીવાર તા. ૧૩-૧૦-૧૮.

રૂઉ, ચાંદીમાં વધાઘટી થાય. ત્રાંબુ, પીતળ, જશત, હીંગળો, પારો, કેસર, સોનામુખી તેજી હોય. સર્વે ધાન્ય, સર્વે રસ, સર્વે ધાતુ, ઉન અને ઊનનાં વસ્ત્રો, એ માસમાં તેજી હોય.

આસો શુદ ૧૩ શુક્રવાર તા. ૧૮-૧૦-૧૮.

ચાંદીમાં તેજી અને રૂઉમાં મંદી હોય. અનાજ તથા ઘીમાં તેજી થાય.

આસો શુદ ૧૫ શનીવાર તા. ૧૯-૧૦-૧૮.

શુદમાં રૂઉના ભાવ વધે. વદ ૧ થી રૂઉમાં મંદી થાય. વર-

સાદ થાય અનાજમાં કાંઈક મંદી થાય. રૂઉમાં એક માસ મંદી હોય.

આસો વદ ૪ બુધવાર તા. ૨૩-૧૦-૧૮.

દી. ૧૫ માં અપડાસાખ અને ગુગળમાં તેજી થાય.

આસો વદ ૧૦ મંગળવાર તા. ૨૯—૧૦—૧૮.

ગોળમાં ટકા ०ાા ની તેજી થાય. અફીણમાં ટકા ૧૦૦) તેજી હોય.

આસો વદ ૧૧ બુધવાર તા. ૩૦—૧૦—૧૮.

ઘાસ, લાકડું, ઘી, કપાસ અને ચોપગા પશુ મોંઘા થાય.

આસો વદ ०)) રવીવાર તા. ૩—૧૧-૧૮.

એક પક્ષમાં ધાન્ય તેજી થાય. સંગ્રહ કરવાથી લાભ થાય. રૂઉમાં મંદી થાય. રૂઉમાં ટકા ૧૦૦-૧૫૦ ની વધાઘટી થાય. ચાંદીમાં વધાઘટી થાય. લડાઈની શાન્તી સંભલાય.

કારતક માસ.

માસફળ—મીસોના શેરોમાં બહુજ વધાઘટી થાય.

કારતક સુદ ૧ સોમવાર તા. ૪-૧૧-૧૮.

ચાંદીમાં વધાઘટી થઇ મંદી થાય. ઘઉં, જવ, ચણા, ચોખા, આદિ ધાન્ય તથા ઘી અને રૂઉના ભાવ મંદા થાય રૂઉમાં ટકા ૫૦) ની મંદી થાય.

કારતક સુદ ૩ બુધવાર તા. ૬-૧૧-૧૮.

દી. ૧૫ માં અફીણ, ધાતુ, તલ, તેલમાં તેજી થાય. ચાંદી, કપાસ, ધાન્ય, ઘી, તેલ, એરંડા, સરસવ, મગ, મઠ, તુવેરમાં તેજી હોય. દી, ૩ પહેલા કે પછીમાં રૂઉમાં ટકા ૧૦-૧૫ મંદા હોય.

કારતક સુદ ૬ શનીવાર તા. ૯-૧૧-૧૮.

ઘઉં, અને ધાન્ય માસ એક મોંઘુ થાય.

કારતક સુદ ૭ રવીવાર તા. ૧૦-૧૧-૧૮.

ચોખા અને જુવાર મોંઘી થાય.

કારતક સુદ ૧૨ શુક્રવાર તા. ૧૫-૧૧-૧૮.

રૂઆના ભાવ ઘટે.

કારતક સુદ ૧૩ શનીવાર તા. ૧૬-૧૧-૧૮.

સઘળું અનાજ તલ, તેલ, ઘી, ખાંડ, ગોળ અને મીઠો રસ મોંઘો થાય.

કારતક સુદ ૧૫ સોમવાર તા. ૧૮-૧૧-૧૮.

સરવે વસ્તુના ભાવ ઘટે. ચાંદીમાં ટકા ૨-૩ ની તેજી થાય.

કારતક વદ ૧ મંગળવાર તા. ૧૯-૧૧-૧૮.

દી. ૧૫ માં સરવે ધાતુ, સરવે રસ અને સરવે અનાજ તુવેર ચણા આદિમાં તેજી હોય.

કારતક વદ ૩ ગુરૂવાર તા. ૨૧-૧૧-૧૮.

ચાંદીમાં તેજી અને રૂઉમાં મંદી હોય.

કારતક વદ ૧૩ રવીવાર તા. ૧-૧૨-૧૮.

ઘઉં અને જવના ભાવ વધે.

કારતક વદ ૧૪ સોમવાર તા. ૨-૧૨-૧૮.

દી. ૧૫ માં ચાંદીમાં સાધારણ તેજી થાય. ધાન્ય સંગ્રહવું તેજી થાય.

માગશર માસ.

માસફળ—આ માસમાં ચાંદીમાં ટકા ૨-૩ ની તેજી યા મંદી થાય. તેજી, મંદી લગાડનારને લાભ મળે. મીસોના શેરોના ભાવ વધે. રૂઉમાં મંદી અને ચાંદીમાં તેજી હોય.

માગશર સુદ ૧ બુધવાર તા. ૪-૧૨-૧૮.

અફીણ અને ચાંદીમાં વધાઘટી થાય. ઘીઉંના ભાવ વધે.

માગશર સુદ ૨ શુક્રવાર તા. ૬-૧૨-૧૮.

એક માસમાં અફીણમાં ટકા ૧૦૦) ની તેજી થાય. રૂઉમાં વધા-

ઘટી થઇ તેજી થાય ચાંદીમાં ટકા ૧—૨ ની તેજી થાય. જીનમાં ટકા ૧૫—૨૦ મંદી હોય ચણા, અડદના ભાવ વધે.

દી. ૨૪ માં ઘી, ગોળ, ખાંડ, સાકર વીગેરે રસમાં તેજી હોય. ઘઉં, જવ, આદિ ધાન્યના ભાવમાં મંદી થાય.

માગશર સુદ ૫ રવીવાર તા. ૮—૧૨—૧૮.

અનાજમાં મંદી. ઘી, તેલમાં તેજી અને ચાંદીમાં તેજી હોય.

માગશર સુદ ૬ સોમવાર તા. ૯—૧૨—૧૮.

મીલોના શેરોમાં ટકા ૧૦૦) વધે. કાપડ મોંઘુ થાય. રૂઉમાં મંદી થાય. અનાજ મોંઘુ થાય. ગોળ, ઘઉં, ચોખા, ઘી, મોઘા થાય. ચાર માસમાં બહુ તેજ હોય.

માગશર સુદ ૭ મંગળવાર તા. ૧૦—૧૨—૧૮.

દી. ૧૫ માં રૂઉમાં તેજી થઇ મંદી થાય. દી. ૧૫ માં જે જે ચીજોના ભાવ વધે તે વેચવી અને જે ચીજોના ભાવ ઘટે તે લેવામાં લાભ મળે.

માગશર સુદ ૧૧ શનીવાર તા. ૧૪—૧૨—૧૮.

ચાંદીમાં મંદી અને રૂઉમાં તેજી થાય.

માગશર સુદ ૧૫ મંગળવાર તા. ૧૭—૧૨—૧૮.

સરવે વસ્તુના ભાવ વધે. ઘાસ, અનાજનો સંગ્રહ કરવો.

માગશર વદ ૪ રવીવાર તા. ૨૧—૧૨—૧૮.

રૂઉના ભાવ વધે. તલ, તેલ, એરંડીના ભાવ તેજી થાય. સુતર, કપાસ, ઊન અને કાપડના ભાવ તેજી હોય.

માગસર વદ ૧૧ સનીવાર તા. ૨૮—૧૨—૧૮.

રૂઉ, ઘી, ગોળ, ખાંડ, સાકરમાં મંદી થાય. મીલોના શેરોમાં વધાઘટી થાય. અળસીમાં તેજી થાય. રૂઉમાં વધાઘટી થઇ તેજી થશે. ચાંદીમાં મંદી અને રૂઉમાંતેજી હોય.

માગસર વદ ૧૪ બુધવાર ૧—૧—૧૯.

રૂઉમાં બે ત્રણ દીવસમાં મંદી થાય.

પોસ માસ.

માસ ફળ—આ માસમાં રૂઉ, ચાંદીમાં વધાઘટી થાય. ઘીના ભાવ વધે તો વેચવું. ધાન્ય ભાવ સોંઘા, ઘઉં, ચણામાં ઢીમ પડશે.

પોસ શુદ ૧ શુક્રવાર તા. ૩—૧—૧૯.

રૂઉમાં વધાઘટી થઈ તેજી થાય. ચાંદીમાં ટકા ૧–૨ ની તેજી થાય. સફેદ વસ્તુમાં સારી તેજી થાય. જીનમાં ટકા ૧૫-૨૦ મંદા થાય. ચણા, અડદ, તલના ભાવ વધે.

પોસ સુદ ૫ મંગળવાર તા. ૭– ૧—૧૯.

ચાંદીમાં તેજી હોય. રૂઉમાં કાંઇક મંદી થાય. ગોળ, સાકરના ભાવ ઘટે. પહેલા વરસાદ સુધી ઘઉં આદિ ધાન્યમાં લાભ થાય. લાલ વસ્તુમાં લાભ મળે.

પોસ સુદ ૧૨ સોમવાર તા. ૧૩–૧–૧૯.

ચણા; તુવેર, આદિ સઘળું કઠોળ મોંઘું થાય. ઘીના ભાવ તેજી થાય. તલ, તેલ, અળસી, એરંડીમાં તેજી હોય.

પોસ સુદ ૧૩ મંગળવાર તા. ૧૪—૧—૧૯.

ઘી અને ઘઉંના સંગ્રહ કરવો ભાવ વધે. રૂઉનો બજાર તેજી રહે.

પોસ વદ ૪ સોમવાર તા. ૨૦—૧—૧૯.

મગ, મઠ, બાજરો, અડદ સોંઘા હોય.

પોસ વદ ૧૦ રવીવાર તા. ૨૬—૧—૧૯

રૂઉ અને ઘીઇના ભાવ વધે. ગોળ, સાકરના ભાવ તેજી થાય.

પોસ વદ ૧૧ સોમવાર તા. ૨૭—૧—૧૯.

રૂઉમાં ટકા ૨૦–૨૫ ની તેજી થાય. ચાંદીમાં ટકા ૨–૩ ની વધાઘટી ચાલે પહેલાં તેજી થઇ વચ્ચે મંદી ને પાછી તેજી થાય. તલ, તેલ, અળસી, સરસવ, કપાસીઆના ભાવ તેજી થાય.

માહ માસ.

માસ ફળ—માસ કઠણુ છે. રસ, કસ મોંઘા થાય. રૂઉની નીપજને હાની હોય. તેથી રૂઉના ભાવ વધે.

માહ સુદ ૨ રવીવાર તા. ૨—૨—૧૫.

દી. ૧૫ માં સરવે વસ્તુમાં મંદી થાય. રૂઉમાં વધાઘટી થાય. તેજી હોય.

માહ સુદ ૭ શુક્રવાર તા. ૭—૨—૧૫.

સોનું, રૂપું આદિ ધાતુ, મરચાં રાઇ, મગ, તુવેર આદિ ધાન્ય તથા ઘાસ મોંઘું થાય. રૂઉમાં ટકા ૨૦-૨૫ ની તેજી થાય.

માહ સુદ ૧૦ સોમવાર તા ૧૦-૨-૧૫.

ચાંદીમાં તેજી, અને ઘીઉના ભાવ વધે. રૂઉમાં કાંઇક તેજી થાય.

માહ સુદ ૧૩ બુધવાર તા. ૧૨—૨—૧૫.

કાપડ સોંઘું થાય.

માહ સુદ ૧૫ શુક્રવાર તા. ૧૪—૨—૧૫.

મીલોના શેરોમાં તેજી થાય. ધાન્યાદિ તેજી થાય. રૂઉમાં મંદી થાય. રસ, ઘી, મોંઘા. સરવે વસ્તુના ભાવ વધે.

માહ વદ ૨ રવીવાર તા. ૧૬—૨—૧૫.

રૂઉમાં થોડી તેજી થાય.

મહા વદ ૩ સોમવાર તા. ૧૭—૨—૧૫.

ચાંદીમાં મંદી અને રૂઉમાં તેજી થાય.

મહા વદ ૪ બુધવાર તા. ૧૮—૨—૧૫

રૂઉના ભાવ વધે. ઘઉં, જવ, ચોખા, સોનું, ચાંદીમાં તેજી થાય.

માહ વદ ૧૦ મંગળવાર તા. ૧૫—૨—૧૫.

ગોળમાં રૂ. ૦॥ ની તેજી થાય. ઘાસ, લાકડું મોંઘુ હોય.

મહા વદ ૧૩ શુક્રવાર તા. ૨૮—૨—૧૫.

એક માસમાં રૂઉમાં ટકા ૩૦—૪૦ ની વધાઘટી ચાંદીમાં ટકા

૨—૩ ની વધાઘટી હોય. પ્રથમ તેજી વચ્ચે મંદી થઇ પાછી તેજી થાય છે.

મહા વદ ૦)) રવીવાર તા. ૨—૩—૧૯.

જુવાર, બાજરી, વીગેરે અનાજ સંગ્રહવું.

ફાગણુ માસ.

માસફળ—રૂઉમાં તેજી ચાંદી અફીણુમાં વધાઘટી થાય. જે વસ્તુની મંદી થઇ હતી તે તેજી થાય.

ફાગણુ સુદ ૧ સોમવાર તા. ૩—૩—૧૯

દી. ૧૫ માં અફીણુમાં ટકા ૧૦૦) ની રૂઉમાં ટકા ૧૦—૧૫ ની ચાંદીમાં ટકા ૧—૨ ની વધાઘટી થાય. મગ, મઠ, ચણા વીગેરે કઠોળમાં તેજી થાય.

ફાગણુ સુદ ૨ મંગળવાર તા. ૪—૩—૧૯.

રૂઉ, સુતરને કાપડ મોંઘા થાય.

ફાગણુ સુદ ૪ ગુરૂવાર તા. ૬—૩—૧૯.

દી. ૮ માં અફીણુ અને ચાંદીમાં તેજી હોય. રૂઉમાં દી. ૩ પછી થોડી મંદી થઇ બહુ તેજી થાય. ચોખામાં મંદી થાય.

ફાગણુ સુદ ૮ રવીવાર તા. ૯—૩—૧૯.

રૂઉમાં મંદી થાય. ઘઉં, જવ, ચણા, ગોળમાં તેજી થાય. ઘી, તેલ, સાકર, ખાંડના ભાવ વધે.

ફાગણુ સુદ ૧૩ શુક્રવાર તા. ૧૪—૩—૧૯.

અનાજ તથા કાપડના ભાવ સમ રહે. ગોળ, ખાંડ, તલ, તેલ, મોંઘા થાય રૂઉના ભાવ વધે.

ફાગણુ સુદ ૧૫ રવીવાર તા. ૧૬—૩—૧૯.

દી. ૧૦ માં રૂઉમાં વધાઘટી થાય. અળસીમા થોડી મંદી થાય.

સરસવમાં થોડી તેજી થાય. સરવે વસ્તુના ભાવ વધે. ઘી, ઘઉંના સંગ્રહ કરવો.

ફાગણ વદ ૬ શનીવાર તા. ૨૨—૩—૧૯.

ચાંદીમાં મંદી અને રૂઉમાં તેજી થાય. ઘીમાં તેજી. અનાજને અફીણમાં વધાઘટી થાય.

ફાગણ વદ ૧૨ શનીવાર તા. ૨૯—૩—૧૯.

આ માસમાં રૂઉના ભાવ વધે. અદ્ધ મોંઘા થાય.

ફાગણ વદ ૦)) સોમવાર તા. ૩૧—૩—૧૯.

રૂઉમાં ટકા ૩૦) ઘટે. દી. ૨૪ માં ઘી, ગોળ, ખાંડ વીગેરે રસમાં તેજી. અફીણમાં તેજી. રૂઉમાં પહેલાં તેજી થઇને મંદી થાય. ચાંદીમાં વધાઘટી થઇને તેજી થાય. ધાન્યના ભાવ મંદા થાય. ઘઉં, જવના ભાવ મંદી થાય. જુવાર, બાજરી, અળસી મંદી હોય. નવા વરસમાં અનેક ચીજોમાં કેટલાકમાં ઘણી મંદી થાય. અને કેટલીક ચીજોમાં તેજી હોય—

(સમાપ્ત.)

ચમત્કારી પ્રશ્નમાળા.

તમારા મનનું ધારેલું પ્રશ્ન કહી આપવામાં આવે છે.

તેમજ

તમારૂં કાર્ય થશે કે નહીં. ક્યારે થશે. કેવી રીતે થશે. વિલંબ થવામાં અડચણ કર્તા શું છે. કેવી રીતે કામ સિદ્ધ થાય, તે પણ સ્પષ્ટ રીતે કહી આપવામાં આવે છે. ફી. દર પ્રશ્ન દીઠ રૂા. ૧) મનીઓર્ડર અગર ટીકીટો બીડી પુછો.

એક વખત પ્રશ્ન પુછી ખાત્રી કરવા ખાસ ભલામણી કરીએ છીએ.

પ્રશ્ન પુછવાની સમજુતી.

દરેક મનુષ્ય જન્મ ગ્રહ ઉપરથી થનાર લાભ, હાની, સુખ, દુઃખ વીગેરે જીંદગીનો વૃતાંત કહી શકાય છે. વરસફળ કાઢી આપવામાં આવે છે, પરંતુ ઘણા ગ્રહસ્થો પાસે પોતાના જન્મ ગ્રહ હોતા નથી. તેથી મુખ્ય ૭ ગ્રહ ઉપરથી લગ્ન લઈ પ્રશ્ન ફળ કહી આપવામાં આવે છે. તે માટે આ સાથેના ૭ ગ્રહના ૭ ખાનામાં દરેકમાં બત્રીસ બત્રીસ પ્રશ્નો રાખેલા છે. તેમાં પ્રશ્ન પુછનાર પોતાની મરજી મુજબ ઉપયોગી અને જે જરૂરનું હોય તે પ્રશ્ન ધારી તેજ પ્રશ્ન બીજા ગ્રહના ખાનામાં હોય તો તે બરોબર તપાસી જે જે ગ્રહના ખાનામાં ધારેલું પ્રશ્ન હોય, તેજ ગ્રહોના નામો ફક્ત અમોને લખી જણાવ્યાથી અને પ્રશ્નની ફી રૂા. ૧ મલ્યેથી તમારૂં ધારેલું પ્રશ્ન સ્પસ્ટ રીતે કહી આપવામાં આવશે, તેમજ તમારૂં કામ ક્યારે કેવી રીતે થશે તેનો પણ નિર્ણય કરી જણાવવામાં આવશે.

અમો જ્યોતિષનાં દરેક કામો સંતોષકારક રીતે કરી આપીએ છીએ, તેમજ કોઇપણ રોગ માટે શુદ્ધ વનસ્પતિની ચમત્કારીઓ દવાઓ જે રોગોને તુરતજ નાબુદ કરે છે. જ્યોતિષના કામ માટે તથા રોગના વર્ણન માટે નીચેના સીરનામે એક વખત અવશ્ય લખી ખાત્રી કરવા ખાસ વિનંતી છે.

બી. એસ. શાહ.
વઢવાણ સીટી.

સોમ.

ભાગ્યોદય ક્યારે થશે
સહીયારો વહેપાર કરવાથી લાભ થશે કે નહીં
અનાજ સંગ્રહવાથી લાભ મળશે કે નહીં
મારો વિવાહ (સગપણ) ક્યારે થશે
પરદેશમાં પૈસા થશે કે નહીં
દોસ્તદાર સાથે લેણું છે કે નહીં
પુત્ર ઉપર લેણું છે કે નહીં
દંડ થશે કે નહીં
દેશાવર જવાનું થશે કે નહીં
રોગ મટશે કે નહીં
પુત્ર કે પુત્રી અવતરશે.
ચાંદીના વહેપારમાં પૈસા મળશે કે નહીં
ખોવાએલી ચીજ ઘરમાં છે કે ચોરાઇ ગઇ છે
ચોર પકડાશે કે નહીં
સ્ત્રી મળશે કે નહીં
મદદ મળશે કે નહીં
વારસો મળશે કે નહીં
જુદા રહેવાથી લાભ થશે કે નહીં
પરીક્ષામાં પાસ થઇશ કે નહીં
દેવામાંથી છુટીશ કે નહીં
ગામ જવું છે કામ થશે કે નહીં
દાવો કરૂં કે નહીં
જમીન લેવાથી લાભ થશે કે નહીં
ભાઇઓ સાથે લેણું છે કે નહીં
ગર્ભ છે કે નહીં
કેદ મળશે કે છુટી જઇશ
નડતર જશે કે નહીં
જે સ્ત્રીને ચાહું છું તે મળશે નહીં
દીકરો નાશી ગયો છે તે આવશે કે નહીં
પગાર વધશે કે નહીં
બીજી સ્ત્રી મળશે કે નહીં
જાત્રા થશે કે નહીં

મંગળ.

નોકરીમાં ચાન્સ મળશે કે નહીં
સહીયારો વહેપાર કરવાથી લાભ થશે કે નહીં
નોકરી મળશે કે નહીં
મારો વિવાહ (સગપણ) ક્યારે થશે.
લેણું આવશે કે નહીં
દોસ્તદાર સાથે લેણું છે કે નહીં
કેસમાં ફતેહ પામીશ કે નહીં
દંડ થશે કે નહીં
રોગ છે કે નડતર છે
રોગ મટશે કે નહીં
રૂના વહેપારમાં પૈસા મળશે કે નહીં
ચાંદીના વહેપારમાં પૈસા મળશે કે નહીં
ચોરાઇ ગયેલી ચીજ આવશે કે નહીં
ચોર પકડાશે કે નહીં

ઓની મારા ઉપર પ્રીતી છે કે નહીં
મદદ મળશે કે નહી
ઘર લેવાશે કે નહીં
જુદા રહેવાથી લાભ થશે કે નહીં
પુરૂષની મારા ઉપર પ્રીતી છે કે નહિ
દેવામાંથી છુટીશ કે નહીં
છોકરા જીવતા નથી તો જીવશે કે નહીં
દાવો કરૂં કે નહીં
ખેતીમાં નીપજ કેવી થશે
ભાઇઓ સાથે લેણું છે કે નહિ
મઝીઆરામાં રહું કે ભાગ વેચી લઉં
કેદ મળશે કે છુટી જઇશ
જીદંગી કેવી જસે
જે ઓને ચાહુ છું તે મળશે કે નહિ
ઢોર ખોવાણું છે તે જડશે કે નહિ
પગાર વધશે કે નહિ
આ મંદવાડથી જીવીશ કે નહિ
જાત્રા થસે કે નહિ

બુધ.

વહેપારમાં પૈસા મળશે કે નહીં
અનાજ સંગ્રહવાથી લાભ મળસે કે નહિ
નોકરી મળશે કે નહીં
મારો વીવાહ (સગપણ) ક્યારે થશે
પુત્ર થશે કે નહીં
પુત્ર ઉપર લેણું છે કે નહીં
કેશમાં ફતેહ પામીશ કે નહિ
દંડ થશે કે નહિ
આ વરસ ઉપર કેવું લેણું છે.
પુત્ર કે પુત્રી અવતરસે
રૂના વહેપારમાં પૈસા મળશે કે નહિ
ચાંદીના વહેપારમાં પૈસા મળશે કે નહીં
અનાજના વહેપારમાં પૈસા મળશે કે નહિ
સ્ત્રી મળશે કે નહિ
ઓની મારા ઉપર પ્રીતી છે કે નહિ
મદદ મળશે કે નહિ
અપીલમાં લાભ થશે કે નહીં
પરીક્ષામાં પાસ થઇશ કે નહીં
પુરૂષની મારા ઉપર પ્રીતી છે કે નહીં
દેવામાંથી છુટીશ કે નહીં
ધનવાન થઇશ કે નહીં
જમીન લેવાથી લાભ થશે કે નહીં
ખેતીમાં નીપજ કેવી થશે.
ભાઇઓ સાથે લેણું છે કે નહ
રાજ્ય તરફથી લાભ થસે કે નહીં
નડતર જશે કે નહીં
જીદંગી કેવી જશે

જે સ્ત્રીને ચાહું છું તે મળશે
કે નહીં
બીજી સ્ત્રી પરણવાથી સંતાન
થશે
બીજી સ્ત્રી મળશે કે નહીં
આ મંદવાડથી જીવીસ કે નહિ
જાત્રા થશે કે નહીં

ગુરૂ.

આ વહેપારમાં લાભ મળશે કે
નહિ
પરદેશમાં પૈસા થશે કે નહિ
લેણું આવશે કે નહિ
દોસ્તદાર સાથે લેણું છે કે નહિ
પુત્ર થશે કે નહીં
પુત્ર ઉપર લેણું છે કે નહીં
કેશમાં ફતેહ પામીશ કે નહીં
દંડ થશે કે નહીં
સગા સાથે લેણું છે કે નહીં
ખોવાએલ ચીજ ઘરમાં છે કે
ચોરાઈ ગઈ છે
ચોરાઇ ગએલી ચીજ આવશે
કે નહિ
ચોર પકડાસે કે નહીં
અનાજના વહેપારમાં પૈસા મળશે
કે નહિ
સ્ત્રી મળશે કે નહીં
સ્ત્રીની મારા ઉપર પ્રીતી છે કે
નહિ
મદદ મળશે કે નહીં

ધારેલું કાર્ય થશે કે નહીં
ગામ જવું છે કામ થશે કે નહીં
છોકરા જીવતા નથી તો જીવશે
કે નહીં
દાવો કરૂં કે નહીં
ધનવાન થઇશ કે નહીં
જમીન લેવાથી લાભ થશે કે
નહીં
ખેતીમાં નીપજ કેવી થશે.
ભાઇઓ સાથે લેણું છે કે નહીં
ચાંદ મળશે કે નહીં
દીકરો નાસી ગયો છે તે આ-
વશે કે નહીં
ઢોર ખોવાણું છે. તે જડશે કે
નહીં
પગાર વધશે કે નહિ
બીજી સ્ત્રી પરણવાથી સંતાન
થશે
બીજી સ્ત્રી મળશે કે નહીં.
આ મંદવાડથી જીવીશ કે નહીં
જાત્રા થશે કે નહીં

શુક્ર.

દેશમાં ભાગ્યોદય થશે કે પરદેશમાં
દેશાવર જવાનું થશે કે નહીં
રોગ છે કે નડતર છે
રોગ મટશે કે નહીં
આ વરસ ઉપર કેવું લેણું છે

પુત્ર કે પુત્રી અવતરશે
રૂના વહેપારમાં પૈસા મળશે કે નહીં
ચાંદીના વહેપારમાં પૈસા મળશે કે નહીં
સગા સાથે લેણું છે કે નહીં
ખોવાએલી ચીજ ઘરમાં છે કે ચોરાઇ ગઇ છે
ચોરાઇ ગયેલી ચીજ આવશે કે નહીં
ચોરી પકડાશે કે નહીં
અનાજના વહેપારમાં પૈસા મળશે કે નહીં
સ્ત્રી મળશે કે નહીં
સ્ત્રીની મારા ઉપર પ્રીતી છે કે નહીં
મદદ મળશે કે નહીં
બાપ પાસે લેણું છે કે નહીં
ગર્ભ છે કે નહીં
ભાગીઆરામાં રહું કે ભાગ વહેંચી લઉં
કેદ મળશે કે છુટી જઇશ
રાજ્ય તરફથી લાભ થશે કે નહી
નડતર જશે કે નહી
જીંદગી કેવી જશે
જે સ્ત્રીને ચાહું છું તે મળશે કે નહી
ચાંદ મળશે કે નહીં
દીકરો નાશી ગયો છે તે આવશે કે નહી
દ્વાર ખોવાણું છે તે જડશે કે નહી
પગાર વધશે કે નહી
બીજી સ્ત્રી પરણવાથી સંતાન થશે
બીજી સ્ત્રી મળશે કે નહી
આ મંદવાડથી જીવી શકે નહી
જાત્રા થશે કે નહી

શની.

સટામાં પૈસા મળશે કે નહીં
વારસો મળશે કે નહી
ઘર લેવાશે કે નહી
જુદા રહેવાથી લાભ થશે કે નહી
અપીલમાં લાભ થશે કે નહી
પરીક્ષામાં પાસ થઇશ કે નહી
પુરૂષની મારા ઉપર પ્રીતી છે કે નહી
દેવામાંથી છુટી શકે નહી
ધારેલું કાર્ય થશે કે નહી
ગામ જવું છે કામ થશે કે નહી
છોકરા જીવતા નથી તો જીવશે કે નહી
દાવો કરૂં કે નહી
ધનવાન થઇશ કે નહી
જમીન લેવાથી લાભ થશે કે નહી
ખેતીમાં ઉપજ કેવી થશે
ભાઇઓ સાથે લેણું છે કે નહી
બાપ સાથે લેણું છે કે નહી

ગર્ભ છે કે નહી
મઝીઆરામાં રહું કે ભાગ વ
હેંચી લઉં
કેદ મળશે કે છુટી જઇશ
રાજ્ય તરફથી લાભ થશે કે નહી
નડતર જશે કે નહી
જીંદગી કેવી જશે
જે સ્ત્રીને ચાહું છું તે મળશે
કે નહી
ચાંદ મળશે કે નહી

દીકરો નાસી ગયો છે તે આવે
શે કે નહી
ઢોર ખોવાયું છે તે જડશે કે
નહી
પગાર વધશે કે નહી
બીજી સ્ત્રી પરણવાથી સંતાન થ
બીજી સ્ત્રી મળશે કે નહી
આ મંદવાડથી જીવી શકે ને
જાત્રા થશે કે નહી



પૈસા કમાવાના ઉત્તમ સંજોગો બતાવનાર.

ચૈત્રી સંવત ૧૯૭૫ ની સાલનું

વહેપારની મુખ્ય મંદર ચીજોનું હરરોજનું

તેજી મંદી પંચાંગ.

જેમાં રૂ, ચાંદી, અફીણ, શેર, સુતર, કપાસ, કપાશીઆ, ઘઉં, ચોખા, અળશી, સરસવ, એરંડા, તેલ, ઘી, ખાંડ, એ ચીજોમાં થનાર રોજેરોજની તેજી મંદી આ પંચાંગમાં તીથિ, વાર, તારીખ સાથે સ્પષ્ટ બતાવેલ છે તેથી આ પંચાંગ રૂ, ચાંદી, વીગેરે ચીજોના તૈયાર અને વાયદાના વહેપારીઓને ઘણુંજ ઉપયોગી અને લાભદાયી થઇ પડયું છે, કારણ કે આ પંચાંગથી વહેપારમાં લાભ મળે છે અને નુકશાનીમાંથી બચાવે છે તેથી આ પંચાંગ ઘણું કીંમતી છે. કી. રૂ. ૧—૦—૦.

ચૈત્રી સંવત ૧૯૭૫ ની સાલનો વર્તારો.

જેમાં રૂ, સુતર, કપાસ, કપાશીઆ, ચાંદી, અફીણ, શેર, ઘઉં, ચોખા વીગેરે અનાજ અળશી, સરસવ, એરંડા, તલ, તેલ, ઘી, ગોળ, ખાંડ, વગેરે વેપારની અનેક ચીજોમાં ભાવોમાં કઇ તારીખે કેટલા દીવસમાં કેટલા ટકા વધશે યા ઘટશે, તે તારીખ વાર સ્પષ્ટ જણાવેલ છે, આ વર્તારો વહેપારીઓને ઘણોજ પ્રીય અને પૈસા કમાવાના ખજાનારૂપ થઇ પડયો છે, કી. ફક્ત એક રૂપીઓ.

નોટ —ખાત્રી રાખજો કે અમારા આ ગ્રંથોમાં ખરચેલા પૈસા નકામા જવાના નથી, પણ તમારા વહેપારમાં એક સાચા સલાહકાર તરીકે લાખો રૂપીઆ કમાવનાર ઉપયોગી અને લાભદાયી છે.

હુન્નર બત્રીશી.

પૈસા પેદા કરાવનારા ઉમદા હુન્નરોનો સંગ્રહની આ બુક છે હુન્નરના પ્રમાણમાં કીમત ઘણી અલ્પ છે, ચાર આનાની ટીકીટ બીડી મંગાવો.

બી. એસ. શાહ.

વઢવાણ સીટી.